**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૦૯.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૬ ટકા

# મુક્તિધામ ખાતે ટપક સિંચાઈ પ્રોજેક્ટનું ઉદઘાટન કરાયું

## ડે.મેયર, સ્ટે.ચેરમેન, પૂર્વ ગૃહરાજ્ય મંત્રી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં : કાર્યક્રમ અગાઉ યોજાયેલા સ્વછતા અભિયાનમાં પણ જોડાયાં : સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા નેચર ફર્સ્ટના સહયોગથી રૂ. ૨ લાખના ખર્ચે ટપક સિંચાઈ પદ્ધતિ લગાડાઈ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના સેક્ટર-૩૦ ખાતે મુક્તિધામ સ્મશાનના સંકુલમાં વિકસાવાયેલ નયનરમ્ય બગીચા માટે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા રૂપિયા બે લાખના ખર્ચે ટપક સિંચાઈ પદ્ધતિ લગાડવામાં આવી છે. આ સમગ્ર પ્રોજેક્ટનું ઉદઘાટન આજે ગાંધીનગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ અને મનપાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ ગૃહ રાજ્યમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, નેચર ફર્સ્ટના પ્રણેતા એન.પી.પટેલ, જાણીતા ઉદ્યોગપતિ અગ્રણી અંબુસિંહજી ગોલ, ઈન્ફોસીટી જૂનિયર સાયન્સ કોલેજના ડાયરેક્ટર ડો. પ્રદીપ ગગલાણી સહિત સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ઉદ્‌ઘાટન પહેલાં તમામ અગ્રણીઓ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતાં.

મુક્તિધામ સ્મશાન ખાતે વિકસાવાયેલ બગીચામાં પાણીનો વ્યય ઓછો થાય છતાં પર્યાવરણનું જતન પણ થાય તે હેતુથી સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા નેચર ફર્સ્ટના સહયોગથી રૂપિયા બે લાખના ખર્ચે ટપક સિંચાઈ પદ્ધતિ લગાડવામાં આવી છે. આ ટપક સિંચાઈ પ્રોજેક્ટના લોકાર્પણ પ્રસંગે પૂર્વ ગૃહ રાજ્યમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ ગ્લોબલ વોર્મિંગ સંદર્ભે પર્યાવરણના જતન બાબતે મહત્વની જાણકારી આપી હતી. કાર્યક્રમના પ્રારંભે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ જીલુભા ધાંધલે તમામ મહેમાનોને આવકર્યા હતા અને સમગ્ર કાર્યક્રમનો હેતુ જણાવ્યો હતો. કાર્યક્રમમાં વોર્ડ નં.૯ના અગ્રણી સુનિલભાઈ ત્રિવેદી, વોર્ડ નં.૩ના મહિલા કોર્પોરેટર સોનાલીબેન પટેલ, ઉરેનભાઈ પટેલ, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના અગ્રણીઓ મગનભાઈ કાકડિયા, નિલેન્દુભાઈ વોરા તથા અન્ય અને શહેરની સેવાભાવી સંસ્થાઓ ઈન્દુમતિ ફાઉન્ડેશનના ટ્રસ્ટી કુંતલભાઈ નિમાવત તેમજ હેપ્પી યુથ ક્લબના કોષાધ્યક્ષ ભાવના રામી ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે મુક્તિધામ ખાતેની લાયબ્રેરીમાં અભ્યાસ કરતાં સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો અને મુક્તિધામના કર્મચારીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા.





## જન્મદિને વધામણી



હિતેન્દ્ર પુરોહિત
મો. ૯૯૨૪૪ ૧૧૯૦૮



કિન્નરી એચ. ભટ્ટ



જીમિત એ. પટેલ
મો. ૯૯૭૮૮ ૧૧૬૦૦

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. ગોહિલ ચંપાબેન તખાજી,** ઉ.વ. ૭૨, ખીલમણા, દહેગામ
- **સ્વ. ડાભી અમુબેન હેમતુજી,** ઉ.વ. ૮૦, પેથાપુર
- **સ્વ. પટેલ રામદાસ માધવભાઈ,** ઉ.વ. ૭૫, રીદ્રોલ, માણસા
- **સ્વ. પરમાર લીલાબેન આત્મારામ,** ઉ.વ. ૭૦, પ્રાંતિયા
- **સ્વ. પટેલ ગોમતીબેન શંકરલાલ,** ઉ.વ. ૭૨, સેક્ટર-૧
- **સ્વ. ત્રિવેદી શિલ્પા હસમુખભાઈ,** ઉ.વ. ૫૦, સેક્ટર-૧૭
- **સ્વ. ઠાકોર જડીબેન નાથાજી,** ઉ.વ. ૭૨, હાલીસા, દહેગામ
- **સ્વ. દંતાણી તારાબેન બકાભાઈ,** ઉ.વ. ૩૫, સે-૨૮, આદીવાડા
- **સ્વ. સોલંકી દીનેશજી ઉમેદજી,** ઉ.વ. ૬૨, આલમપુર
- **સ્વ. વાઘેલા નર્મદાબેન મધુભાઈ,** ઉ.વ. ૭૫, સેક્ટર-૮

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. પટેલ દિવાબેન ભીખાભાઈ,** ઉ.વ. ૭૬, કુડાસણ
- **સ્વ. ભંડારી રમેશચંદ્ર નાનાલાલ,** ઉ.વ. ૮૨, સેક્ટર-૪
- **સ્વ. સોની દીપકભાઈ નરોત્તમભાઈ,** ઉ.વ. ૬૦, વાસણા હડમતીયા
- **સ્વ. પંડયા મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ,** ઉ.વ. ૬૩, સેક્ટર-૪
- **સ્વ. મોદી વસંતકુમાર જયંતીલાલ,** ઉ.વ. ૫૮, રાંદેસણ
- **સ્વ. ઠાકોર સવિતાબેન મણાજી,** ઉ.વ. ૪૫, લવારપુર

## સેક્ટર-૭એ વસાહત મંડળ દ્વારા મૈત્રી ક્રિકેટ ટુનર્મિન્ટનું આયોજન



ગાંધી નિર્વાણ દિન નિમિત્તે શહીદોને મૌનથી અંજલી આપીને સેક્ટર-૭એના વકીલ અને વિદ્યાર્થી ખેલાડીઓ વચ્ચે ગાંધી મેદાન ખાતે મૈત્રી ક્રિકેટ મેચનું આયોજન કરાયું હતું. આ મેચને સફળ બનાવવા જશવંત ગાંધી, અશોક પટેલ, ભદ્રેશ શાહ, વિનોદ રાવલ, તેજસ ગાંધી, અજય જહોન, ડૉ. પીન્કેશ પ્રજાપતિ, પ્રદિપ સાગર, ઓમ પટેલ, સંજયસિંહ વાઘેલા, હીરેન શાસ્ત્રી, મુકેશભાઈ મિસ્ત્રી, કેદાર થાનકી, મુકેશભાઈ પટેલ વગેરેએ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે કોર્પોરેટર મહેદ્રભાઈ પટેલ, સલાહકાર મંડળના સભ્યો ડૉ. જગદીશભાઈ પંડયા, વાગ્મીનભાઈ બુચ, અશોકભાઈ માણેક, બિપિનભાઈ ભટ્ટ, એમ.એન. રાવત, અમીબેન શાહ, મોતીસિંહ અઠોદરીયા, અશ્વિન પટેલે હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહીત કર્યા હતા.




ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી સેન્ટર ફોર કન્ટીન્યુઈંગ એજ્યુકેશન દ્વારા સત્સંગી સાકેતધામ રામ આશ્રમ ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂટશન્સ વરસમાં સાથે સંકળાયેલા સોલર અને ઈલેક્ટ્રિકલ વ્હિકલ ટેકનોલોજીના અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત પ્રસંગે વિદ્યાર્થીઓ નિરવ ધનેશ્વરભાઈ મહેતાને પ્રમાણ પત્ર એનાયત કરી સન્માન કરવામાં આવ્યાં હતાં.

## સિધ્ધાર્થ લો કોલેજ પાસેથી દારૂ પીધેલો રીક્ષા ચાલક ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

સિધ્ધાર્થ લો કોલેજ પાસેના માર્ગ પર ટ્રાફિક પોલીસના જવાનો વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે એક રીક્ષા ચાલક તેની રીક્ષા ઘ-૫ થી ગ-૫ તરફ જવાના માર્ગ પર આડી અવળી ચલાવી રહ્યો હતો. જેથી પોલીસે તેની રીક્ષા ઈશારો કરી સાઈડમાં ઉભી રખાવી હતી.રીક્ષા ચાલક પ્રથમ દ્રષ્ટિએ દારૂ પીધેલી હાલતમાં હોવાનું જણાયુ હતું. પોલીસે રીક્ષા ચાલકનું નામ પુછતા તેણે મુકેશ શંકરભાઈ પટ્ટણી (ઉં.૪૦, રહે. કુંભાજીની ચાલી મેઘાણીનગર) જણાવ્યું હતું. જયારે તેને રીક્ષામાંથી ઉતારી ચાલવાનું કહેતા તેને શરીરનું પણ ભાન ન હતું. પોલીસે દારૂ અંગે પાસ-પરમીટ માંગતા તેની પાસે નહી હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે રીક્ષા નં. જી.જે.૦૧.ટી.એ.-૬૫૨૨ ની કિં. ૨૫ હજાર ગણી કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો મન કી બાત કાર્યક્રમ આકાશવાણી પરથી પ્રસારિત થયો હતો. વોર્ડ નં.૧૦માં સેક્ટર-૬-એ ખાતે બુથ નં. ૧૨૮ પર આ કાર્યક્રમને કાર્યકરો અને નગરજનોએ એકત્ર થઈ સાંભળ્યો હતો.

## વોર્ડ નં.૯માં વિવિધ સાધન સામગ્રી પુરી પાડવા કોર્પોરેટરની માંગ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર મહાનગરપાલિકના વોર્ડ નં.૯ ખાતે વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાંથી વિવિધ સાધન સામગ્રી પુરી પાડવા સ્થાનિક મહિલા કોર્પોરેટર શૈલાબેન ત્રિવેદી દ્વારા મુય. કમિશનર સમક્ષ લેખિત માંગ કરવામાં આવી છે. કોર્પોરેટર દ્વારા આ માંગણીમાં વોર્ડની સ્માર્ટ આંગણવાડીથી ધો-૫ના બાળકો માટે રમતગમતના સાધનોના ૫ સેટ, અર્બન હેલ્થ સેન્ટરોમાં દર્દીઓની સુવિધા માટે ફિજીયોથેરાપી તથા સર્જીકલ સાધનોના ૪ સેટ તેમજ સ્ટીલ-વુડન ફર્નિચર, આરો પ્લાન્ટ તથા એક અર્બન સેન્ટર દીઠ ૧૫ સ્ટીલના બાંકડા, વોર્ડના વિસ્તારોમાં નવાસાઈન બોર્ડ અને હાઈમાસ્ક ટાવર લાઈટ, કોમન પ્લોટમાં મીની હાઈ માસ્ક ટાવર, વોર્ડની સરકારી પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓ અને આંગણવાડી તથા અર્બન હેલ્થ સેન્ટર પર પાંચ હજાર લીટરની સિન્ટેક્ષની ટાંકીઓ પુરી પાડવા માંગ કરાઈ છે. આ ઉપરાંત વોર્ડના સરદાર ચોક, રિલાયન્સ ચાર રસ્તા, કંસાર હોટલ ચોકડી વગેરે સ્થળે અદ્યતન ફુવારા સાથેના સર્કલ બનાવવા અને કુડાસણ ગામ, ભાઈજીપુરા, ભરવાડવારા, સે-૨, ૩, ૩ ન્યુ વગેરે વિસ્તારમાં સુલભ શૌચાલય બનાવવા અને વોર્ડ નં ૯ના રહેણાંક વિસ્તારમાં કોર્પોરેટરે નિયત કરેલ ડિઝાઈન અનુસારના બાંકડા નંગ ૨૦૦ પુરા પાડવા માંગ કરી છે. આ ઉપરાંત પણ મેરેજ હોલ માટે ૧૦૦ નંગ કબાટ, લાઈબ્રેરી માટે ૫૦ નંગ કબાટ, ૨૫ નંગ કોમ્પ્યુટર ટેબલ, કેબિનેટ, એકિઝકયુટિવ ટેબલો, સ્ટીલની બેન્ચિસો, ૨૫ પેડલ સ્ટેન્ડ પંખા, ૧ હજાર વોટર કુલર, ૧૦ હજાર ડસ્ટબીન, ૬ મોબાઈલ ટોયલેટ વાન, જીમના સાધનો તથા માઈક સ્પીકરના ૨૦ સેટ પુરા પાડવા માંગ કરવામાં આવી છે.



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી નિર્માણ દિવસ નિમિત્તે ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવા સત્ય અને અહિંસાની લડત લડતા આમ આદમી પાર્ટીના ગાંધીનગરના કાર્યકર્તાઓ સચિવાલય વિધાનસભા ખાતે ગયા હતા. એક માત્ર ગાંધીજીની પ્રતિમા સચિવાલય ખાતે હોવાથી સવારે શ્રદ્ધાંજલિ આપવા ગયેલા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓને કારણોસર પ્રશાસન દ્વારા પરમિશન હોવા છતાં પણ અગમ્યો કારણ બતાવી સચિવાલયની અંદર જવાની પરવાનગી આપવામાં આવી નહોતી.

# હું મારી માતા અને દિકરાનું સ્વપ્ર પુરું કરવા રમું છું

## પ્રજાસત્તાક દિને ગૃહ રાજયમંત્રીના હસ્તે પ્રસંશાપત્ર મેળવનાર ગાંધીનગરના મહિલા હેડ કોન્સ્ટેબલ કલાવતી કોટવાલ ક્રિકેટ, વોલીબોલ અને કબડ્ડીમાં રાષ્ટ્રીય કક્ષાના ખેલાડી : સમગ્ર રાજયમાં પોલીસની બોલેરો જીપ હંકારી લેતા એક માત્ર મહિલા પોલીસ કર્મી હોવા સાથે તેઓ અકસ્માતે કમરથી નીચેની સંવેદના ગુમાવનાર યુવા દિકરાની સંભાળ રાખતા આદર્શ માતા પણ છે




ગાંધીનગર, તા.૩૦

તાજેતરમાં જ દેશભરમાં ૭૩મા પ્રજાસત્તાક દિવસની ગૌરવભેર ઉજવણી કરાઈ જે અંતર્ગત ગાંધીનગરમાં જિલ્લાકક્ષાની ઉજવણીનું આયોજન શહેરના સેક્ટર-૧૧માં રામકથા મેદાન ખાતે કરાયું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાતના ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના હસ્તે જિલ્લાના પ્રતિભાશાળી વ્યકિતઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ વિભાગ દ્વારા મહિલા સલામતી માટે બનાવાયેલી 'શી' ટીમના મહિલા હેડ કોન્સ્ટેબલ કલાવતીબેન કોટવાલને તેમની પ્રસંશનીય સેવાઓ માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં તેમની ફરજ દરમિયાનની ઉત્કૃષ્ઠ કામગીરી ઉપરાંત રમતગમત ક્ષેત્રે વિભાગને ગૌરવ અપાવતા ઉમદા પ્રદર્શનનો પણ સમાવેશ થાય છે. હેડ કોન્સ્ટેબલ હોવા છતાં પણ જયારે તેમના સ્ટાફની અછત હોય ત્યારે પોલીસની બોલેરોવાન પણ હંકારી લેતા કલાવતીબેન આ દેશની એક એવી નારી છે જેના બે યુવાન સંતાનો પૈકી સૌથી મોટો દિકરો ત્રણ વર્ષથી અકસ્માતને પગલે કમરથી નીચેના ભાગની સંવેદના ગુમાવી ચુકયો છે તેના સહિત સમગ્ર પરિવારની કાળજી રાખવા સાથે તેઓ ફરજમાં પણ અડીખમ રહે છે અને સાથે રમતગમતમાં પણ અવ્વલ રહે છે.

સાબરકાંઠા-અરવલ્લીના ચિઠોડા ગામના આદિવાસી ડુંગરી ગરાસિયા સમાજના પોલીસ કર્મી દિતાજી કોટવાલ તથા તેમના પત્નિ નાથીબેનના પુત્રી કલાવતી કોટવાલે અંતરિયાળ એવા પોતાના ગામના શ્રી સેવા વિદ્યાલય ખાતે ધો-૧૨ સુધીનો અભ્યાસ કર્યો જે દરમિયાન પણ તેઓ બાળપણથી જ ખો-ખો, કબડ્ડી, વોલીબોલ, દોડ અને ક્રિકેટ જેવી રમતોમાં ભાગ લઈને રાજયકક્ષા સુધી રમી આવતા હતા. અમદાવાદમાં શાહીબાગ ખાતેના પોલીસ હેડ કવાટર્સમાં ફરજ બજાવતા દિતાજી કોટવાલ થોડા જુનવાણી વિચારસરણીને કારણે દિકરી રમતગમતમાં કારકિર્દી બનાવે તેવું ઈચ્છતા નહોતા પરંતુ પિતાના ઉગ્ર સ્વભાવથી વિપરિત માતા નાથીબેન દિકરીને સતત રમત રમવા માટે પ્રેરિત કરતા રહેતા હતા. ધો-૧૨ પછી પોતાના પિતરાઈ ભાઈ-ભાભી સાથે ઉચ્ચ અભ્યાસ માટે કલાવતીબેનને અમરેલી મોકલી દીધા પરંતુ કોમર્સનું માંડ એક વર્ષ પુરું કર્યું ત્યાં માતાની તબિયત લથડતાં તેમની ઈચ્છા મૃત્યુ પહેલા દિકરીના લગ્ન જોવાની હોવાથી બીજા વર્ષનો અભ્યાસ છોડાવીને કલાવતીબેનના લગ્ન દિલીપકુમાર બરંડા સાથે થઈ ગયા. જેઓ ગાંધીનગરના સેક્ટર-૨૮માં સમર્પણ મુકબધિર શાળામાં ગૃહપતિ તરીકેની ફરજ બજાવે છે. આ પછી પતિના સાથ અને સહકાર અને માતાના પ્રોત્સાહનથી કલાવતીબેને ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીમાં ફરી ઉચ્ચ અભ્યાસ શરૂ કર્યો અને અર્થશાસ્ત્ર વિષય સાથે આર્ટસમાં ગ્રેજયુએશન પુરું કર્યું હતું. આ પછી માતાની ઈચ્છા હતી કે તેઓ પણ પોલીસમાં જોડાય એટલે તેની તૈયારીઓ ચાલુ કરી અને જયારે તેઓ પહેલીવાર પોલીસ ભરતીના ફિઝિકલ ટેસ્ટમાં પાસ થયા ત્યારે તેમને ત્રણ માસનો દિકરો હતો એટલે પરિવારજનોએ નોકરીમાં જોડાવાની ના પાડી હતી. તેમના માતા અવસાન પછી પણ કલાવતીબેનના સ્વપ્રમાં વારંવાર આવીને પોલીસમાં જોડાવા અને સ્પોર્ટસમાં આગળ વધવા કહેતા હતા અને બીજી તરફ તેઓ બે દિકરાના માતા બની ચુકયા હતા. આ દરમિયાન વર્ષ ૨૦૧૦માં તેમણે એસઆરપીની પરીક્ષા પાસ કરીને તેમાં જોડાયાં તે સાથે જ ગુજરાત પોલીસની પરીક્ષામાં પણ પાસ થયા હતા. જો કે સંજોગોવશાત તેનો ઓર્ડર થોડો મોડો મળ્યો જેના પગલે તેઓ ૨૦૧૨માં પોલીસદળમાં જોડાયાં હતાં.









એસઆરપીની નોકરી દરમિયાન મુકબધિર શાળાના વડીલ જોશીદાદાની પ્રેરણા અને પતિ દિલીપ બરંડાના સપોર્ટથી તેમણે ફરી ક્રિકેટ રમવાનું શરૂ કરી દીધું હતું જે પોલીસદળમાં જોડાયાં પછી પણ ચાલુ રહ્યું એટલું જ નહી પરંતુ તેમણે વોલીબોલ અને કબડ્ડી જેવી રમતોમાં પણ વિભાગ તરફથી રમવાનું શરૂ કર્યું અને ત્રણેય રમતોમાં જિલ્લાથી શરૂ કરીને રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ યશસ્વી પ્રદર્શન કરી એક પછી એક ઈનામો જીતવા લાગ્યાં હતાં. પોતાની પોલીસની ફરજમાં પણ સતત પ્રસંશનીય સવા આપવા સાથે કલાવતીબેને છત્તીસગઢના ભિલાઈથી માંડીને ફિરોઝાબાદ, મથુરા, કાનપુર, હૈદરાબાદ, પૂણે, આંધ્રપ્રદેશના ગુડુર તથા અમદાવાદ, વડોદરા, રાજકોટ વગેરે સ્થળોએ વિમેન્સ ક્રિકેટ એસોસિએશન સાથે સંલગ્ન થઈને રાષ્ટ્રીય કક્ષાની ટૂર્નામેન્ટમાં ભાગ લઈને ઓલરાઉન્ડર તરીકે યશસ્વી પ્રદર્શન કર્યું છે. વર્ષ ૨૦૧૪માં મથુરામાં ક્રિકેટ ટૂર્નામેન્ટ દરમિયાન તેઓ હેમામાલિની અને જુહી ચાવલાને મળ્યા હતા તે પછી જયારે વર્ષ ૨૦૧૭માં ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટના બંદોબસ્તમાં હતા ત્યારે ત્યાં આવેલા જુહી ચાવલા તેમને ઓળખી ગયા અને 'હાય કલાવતી, હાઉ આર યુ?' કહીને બોલાવતા હાથ મિલાવ્યો તે જોઈને મહિલા પીઆઈ સહિત સૌ કોઈ દંગ થઈ ગયા હતા. વર્ષ ૨૦૧૬માં આંધ્રપ્રદેશના કુર્નુલ ખાતે મહિલા ક્રિકેટ એસોસિએશનના હોદ્દેદાર નૂતન ગાવસ્કરે તેમને ભારતના પૂર્વ કપ્તાન તેમના ભાઈ સુનિલ ગાવસ્કર સાથે ડીનર કરાવ્યું હતું. કલાવતીબેનને તેમને ફરજ દરમિયાન સ્પોર્ટસ માટે ઉચ્ચ અધિકારીઓથી માંડીને ડીવાયએસપી એમ.જે. સોલંકી સાહેબ, આરએસઆઈ ટુંડિયા સાહેબ તથા તેમના પીઆઈ એમ.આર. પવાર અને પીએસઆઈ એસ.એમ. ચૌધરી વગેરેનો પણ સહકાર મળી રહ્યો છે.

જો કે, ત્રણેક વર્ષ પહેલાં બનેલી એક ગોઝારી ઘટનાએ કલાવતીબેનનું જીવન હચમચાવી મુકયું હતું જેમાં તેમનો મોટો દિકરો મીત બરંડા જે આર્મીમાં જોડાવા માંગતો હતો અને પોલીસ ભરતીની ફિઝિકલ પરીક્ષા પણ પાસ કરી ચુકયો હતો તેમજ માતાની જેમ સ્પોર્ટસમાં પણ ખૂબ પ્રતિભાશાળી હતો તેને હાઈવે પર એક અકસ્માતમાં પીઠના બે મણકાં તુટી જતા કમરથી નીચેના ભાગની સંવેદના ગુમાવી દેવાથી પેરાલીસીસની હાલતમાં આવી ગયો. પોતાના આ દિકરાની સારવાર અને તેની સંવેદના પરત આવે તે માટે અનેક દવાખાના-વૈદ્ય-હકીમો સુધી દોડી જનાર કલાવતીબેન હાલમાં પણ દિકરાની ફિઝિયોથેરાપી સારવારના સવાર-સાંજના બે ક્રમ સાચવવા સાથે નોકરી અને સ્પોર્ટસમાં એટલા જ પ્રવૃત્ત રહે છે. વળી તેમનો 'શી' ટીમમાં સમાવેશ કરાયો છે તેમાં સ્ટાફના અભાવે બોલેરો પોલીસવાન પણ હંકારી લે છે જે ચલાવતા કદાચ સમગ્ર રાજયમાં એક માત્ર મહિલા પોલીસ કર્મી છે. તેઓની એક જ વાત છે કે 'મારી માતા અને મારા દિકરાનું સ્વપ્ર પુરું કરવા હું રમું છું.' ખરેખર કલાવતીબેન આ દેશની મહિલાઓની મજબૂત છબીનું એક સ્વરૂપ છે.

આજે પણ ફોર્ટી પ્લસની ઉંમરે પોલીસ ભરતી માટેનું ૧૬૦૦ મીટર રનીંગ ૯.૫ના બદલે માત્ર ૭.૫ મિનીટમાં પુરી કરી શકતા કલાવતી કોટવાલને નારીશકિત તથા સરદાર પટેલ જુનિયર-સિનિયર એવોર્ડથી સન્માનિત કરાયા છે. અન્ય રાજયોની જેમ સ્પોર્ટના આધારે પ્રમોશન મળતું હોત તો તેઓ ખુબ આગળ વધી ચુકયાં હોત.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com